**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગર.**

---

## ટેન્ડર નં – ૨૬ / ૨૦૧૭

## બોર્ડની કચેરીના ભોંયરામાં પડેલ બિનઉપયોગી લોખંડ, સીલીંગ પંખા, એ.સી મશીન, લાકડું તથા પરચુરણ ભંગારની જાહેર હરાજીના ટેન્ડરની શરતો

1. પરચુરણ ભંગારની જાહેર હરાજીમાં ભાગ લેનાર સ્ક્રેપના વેપારીઓએ કચેરી કામકાજના દિવસોમાં બોર્ડની સેકટર-૧૦-બી, ગાંધીનગર ખાતેની કચેરીમાં સ્ટોર શાખાની રૂબરૂ મુલાકાત લઇ કચેરીના ભોંયરામાં પડેલ બિનઉપયોગી લોખંડ, સીલીંગ પંખા, એ.સી મશીન, લાકડું તથા પરચુરણ ભંગારની જાતે ચકાસણી કરી, ભાવ ભરવાના રહેશે.
2. ટેન્ડર ફી અને EMD એક કવરમાં સીલબંધ કરી તેના પર "**બિનઉપયોગી લોખંડ, સીલીંગ પંખા, એ.સી મશીન, લાકડું તથા પરચુરણ ભંગારની જાહેર હરાજીના ટેન્ડર**" લખી કવર ઉપર સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગરને મોડામાં મોડા તા.૨૩/૬/૨૦૧૭નાં રોજ બપોરના ૧૬.૦૦કલાક સુધીમાં રૂબરૂ અગર રજીસ્ટર પોસ્ટ એડી / સ્પીડ પોસ્ટ દ્વારા સ્ટોર શાખામાં રજુ કરવાનું રહેશે.
3. પરચુરણ તમામ ભંગારની અપસેટ પ્રાઇઝ પત્રક-૧ માં જણાવ્યા પ્રમાણે રહેશે.
4. હરાજીમાં ભાગ લેનાર ઇસમે હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર ફી રૂ.૫૦૦/- નો સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ બોર્ડમાં જમા કરાવવાનો રહેશે. આ રકમ તબદીલીને તથા પરત કરવાને પાત્ર નથી.
5. ટેન્ડર સાથે અર્નેસ્ટમનીની રકમ રૂ.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પૂરા)નો સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભાવપત્રક સાથે સામેલ કરવાનો રહેશે. અર્નેસ્ટમનીના ડ્રાફ્ટ સિવાયનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ. જેમનું ટેન્ડર મંજૂર નહિ થાય તેમને તે (E.M.D)ની રકમ પરત કરવામાં આવશે.
6. પરચુરણ ભંગારની જાહેર હરાજીના ટેન્ડરમાં જેના ભાવો સૌથી વધુ હશે તે ઇજારદારની ઑફર બોર્ડ મંજૂર કરશે. તેઓએ ચીજ વસ્તુની કિંમતના ૫૦% રકમ એ જ દિવસે ભરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ દિન – ૩માં ભરવાની રહેશે. ચીજ વસ્તુની પુરેપુરી રકમ જમા કરાવી તેની અસલ પહોંચ રજુ કર્યેથી કચેરીના ભોંયરામાં પડેલો ભંગાર “જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં” પોતાના વાહનમાં સ્વખર્ચે અને જોખમે અત્રેની કચેરીએથી લોડીંગ કરી દિન – ૭ માં ઉપાડી લેવાનો રહેશે. ભંગારની યાદીમાં જે વસ્તુમાં

જે ઇજારદારનો સૌથી વધારે ભાવ હશે તેને H1 ગણવામાં આવશે. H1 ઇજારદારે નિયત સમયમર્યાદામાં તમામ ભંગારની ૧૦૦% રકમ રોકડ જમા કરાવવાની રહેશે જો રકમ જમા કરવામાં નહિ આવે તો EMDની રકમ જપ્ત કરવામાં આવશે. ત્યારબાદ મહત્તમ ભાવ ભરનાર H2 ને બોર્ડ તરફથી ઓફર કરવામાં આવશે અને જો H2 પણ નિષ્ફળ નિવડશે તો H3ને બોર્ડ તરફથી વિધિવત ઓફર કરવામાં આવશે. જે બાબત ટેન્ડરથી હરાજીમાં ભાગ લેનાર દરેક ઇજારદારે ધ્યાને રાખવાની રહેશે.

7. આ ભંગાર માટે મળેલી ઓફરો મંજુર કરવી કે નામંજુર કરવી કે અંશતઃ મંજુર કરવી, તે અંગેનો આખરી નિર્ણય લેવાનો બોર્ડને અબાધિત હક્ક રહેશે.
8. સંજોગોવસાત જાહેર હરાજી માટે કોઇ પ્રતિસાદ નહીં મળે તો લઘુત્તમ બીડની રકમ કરતાં ઓછા અથવા વધુ દરે ફરીથી પુન:હરાજી કરવાનો નિર્ણય બોર્ડ પાસે અબાધિત રહેશે.
9. જાહેર હરાજી અંગેનો આખરી નિર્ણય અધ્યક્ષશ્રીનો રહેશે.

**સચિવ**
**ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ટેન્ડર નં – ૨૬ / ૨૦૧૭

## ભાવપત્રક

| ક્રમ | ભંગારની યાદી | સંખ્યા | નક્કી કરેલ અપસેટ પ્રાઇઝ | ઑફર કરેલ ભાવ |
|---|---|---|---|---|
| 1 | સીલીંગ ફેન | 199 | 105.00 ૧ નંગનો ભાવ | |
| 2 | AC મશીન | 7 | 3000.00 ૧ નંગનો ભાવ | |
| 3 | ઝેરોક્ષ મશીન | 2 | 1000.00 ૧ નંગનો ભાવ | |
| 4 | કોમ્પ્યુટર મશીન | 28 | 200.00 ૧ નંગનો ભાવ | |
| 5 | CPU | 22 | 200.00 ૧ નંગનો ભાવ | |
| 6 | FAX મશીન | 6 | 100.00 ૧ નંગનો ભાવ | |
| 7 | ટાઇપ રાઇટર | 14 | 150.00 ૧ નંગનો ભાવ | |
| 8 | ઑક્સિજન બોટલ | 1 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 9 | સ્ટેબી લાઇઝર | 3 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 10 | કી - બોર્ડ | 15 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 11 | પ્રિન્ટર મશીન | 11 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 12 | ટ્યુબલાઈટ ફ્રેમ | 14 | 20.00 ૧ નંગનો ભાવ | |
| 13 | ટેલીફોન (બે થેલા) | ----- | ઉચ્ચક 500.00 | |
| 14 | લોખંડની પેટીઓ | 07 | પ્રતિ પેટી 20.00 | |
| 15 | પ્લાસ્ટીક ખુરશીઓ | 23 | 20.00 ૧ નંગનો ભાવ | |
| 16 | લોખંડનો ૨૫ ફૂટનો પાઇપ | 1 | 200.00 ૧ નંગનો ભાવ | |
| 17 | લોખંડની કેસ પેટી | 2 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 18 | બોર્ડ મોટા | 4 | 50.00 ૧ નંગનો ભાવ | |
| 19 | સ્ટેન્ડીંગ ફેન | 5 | 150.00 ૧ નંગનો ભાવ | |
| 20 | એક્ઝોસ્ટ ફેન | 1 | 100.00 ૧ નંગનો ભાવ | |
| 21 | પાણીની મોટર (10 HP મોનો બ્લોક) | 2 | 500.00 ૧ નંગનો ભાવ | |
| 22 | પ્લાસ્ટીકની કેસેટ, પાણીના જગ, ફીલ્ટર વગેરે (૭ થેલા) | ----- | 500.00 ઉચ્ચક | |
| 23 | પ્લાસ્ટીકની ખાલી થેલી સાઇઝ = 23 x 20.5 | 2500 | 0.10 એક નંગના | |
| | સાઇઝ = 21.5 x 20.5 | 2500 | 0.10 એક નંગના | |
| 24 | એક્વાગાર્ડ | 1 | 50.00 ૧ નંગનો ભાવ | |

સરનામું : ભાવ ભરનારનું નામ અને સહી (સિક્કા સાથે)

મોબાઇલ નં : (સહી પૂરી કરવી)